# નવા મુખ્યમંત્રી કોણ ? વિજય રૂપાણી કે નીતિન પટેલ

## મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ પ્રધાનમંડળે વિધિવત્ રીતે રાજીનામુ આપ્યું નવા મુખ્યમંત્રીના નામની આજે સાંજે જાહેરાત કરાય તેવી શક્યતા

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭માં ફરી એકવાર સત્તા જાળવી રાખવામાં સફળ થયેલી ભાજપ દ્વારા હવે પરિણામો બાદ નવી સરકારની રચના અને નવા મુખ્યમંત્રીના નામને લઈ જબરદસ્ત કશમકશ ચાલી રહી છે. બીજીબાજુ, શપથવિધિ સમારોહની તડામાર તૈયારીઓ આરંભી દેવાઈ છે. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રધાનમંડળના તમામ પ્રધાનોએ વિધિવત્ રીતે પોતાના હોદ્દા પરથી રાજીનામુ રાજયપાલને સુપ્રત કર્યું હતું. તો બીજીબાજુ, નવી સરકારની રચના અને મુખ્યમંત્રીના કળશના મુદ્દે ચર્ચા કરવા ભાજપના ગુજરાતના પ્રભારી અને કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી અને મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ સરોજ પાંડે ટૂંક સમયમાં જ નિર્ણય લેશે. એ પહેલા તેઓ નવા ચૂંટાયેલા



ભાજપના તમામ ધારાસભ્યો સાથે બેઠક યોજવાની હોઈ આવતીકાલે ગાંધીનગર કમલમ્ ખાતે ભાજપ દ્વારા ધારાસભ્યોની બેઠક બોલાવવામાં આવી છે, જે અંગે તમામ ધારાસભ્યોને સૂચના આપી દેવામાં આવી છે. ગઈકાલે જ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ૧૩મી વિધાનસભાના વિસર્જન માટે રાજયપાલને પત્ર સોંપાયો હતો, જેના અનુસંધાનમાં રાજયપાલ ઓ.પી.કોહલીએ વિધાનસભાનું વિસર્જન કર્યું હતું. એ પછીની બંધારણીય અને પ્રણાલિગત પ્રક્રિયાના ભાગરૂપે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રધાનમંડળના તમામ પ્રધાનોએ વિધિવત્ રીતે પોતાના હોદ્દા પરથી રાજીનામુ રાજયપાલને સુપ્રત કર્યું હતું. જો કે, જયાં સુધી નવા મુખ્યમંત્રી કે પ્રધાનમંડળની રચના ના થાય ત્યાં સુધી રાજયપાલ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીને કેરટેકર તરીકે ચાલુ રહેવા હુકમ કરશે. નવી સરકારની રચના અને નવા મુખ્યમંત્રીના નામની પ્રક્રિયા થોડી એટલે વિલંબિત થઈ રહી છે કેમ કે, હાલ લોકસભાનું ગૃહ ચાલુ હોઈ અમિત શાહ, અરૂણ જેટલી સહિતના નેતાઓ તેમાં થોડા વ્યસ્ત છે. જો કે, શનિવાર-રવિવારે બે દિવસમાં આ મામલે જબરદસ્ત ધમધમાટ રહેશે. નવી સરકારની રચનામાં પ્રધાનમંડળના નામો અને મુખ્યમંત્રીના નામ પર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સાથેની ચર્ચા આખરી અને ફાઈનલ રહેશે તે નક્કી છે. હાલ લોકસભાનું ગૃહ ચાલુ હોઈ અમિત શાહ શનિવારે અમદાવાદ આવશે અને સોમવાર સુધી અહીં રહે તેવી શકયતા છે કે જેથી આ કવાયતને આખરી ઓપ આપી શકાય. નવા મુખ્યમંત્રી રાજયપાલને સરકાર રચવા અંગેની બહુમતી સાથેની દરખાસ્ત રજૂ કરવામાં આવશે. જે ધ્યાનમાં લઈ રાજયપાલ ભાજપને સરકાર રચવા આમંત્રણ આપશે અને ત્યારબાદ વિધિવત્ રીતે સરકારની રચના થશે. નવી સરકારની રચના બાદ રાજયપાલ દ્વારા સિનિયર ધારાસભ્યને પ્રોટેમ સ્પીકર તરીકે નિયુકત કરશે અને આ પ્રોટેમ સ્પીકર નવા ચૂંટાયેલા ધારાસભ્યોને ધારાસભ્યપદના શપથ લેવડાવશે. જો કે, ભાજપ સરકારના નવા મુખ્યમંત્રીના નામને લઈ હજુ સસ્પેન્સ યથાવત્ છે. મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીને રિપીટ કરાય છે કે, પછી નીતિન પટેલને પ્રમોશન અપાય છે તે મુદ્દે પણ ચર્ચા ચાલી રહી છે તો, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને વજુભાઈ વાળાનું નામ પણ બીજી ચર્ચામાં ચાલી રહ્યું છે. ભાજપ દ્વારા નવી સરકારની રચના અને શપથવિધિ સમારોહ માટે વિશેષ આયોજનો કરાયા છે. જેમાં ગુજરાતભરમાંથી ભાજપના નેતાઓ અને આગેવાનો ઉપરાંત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગોવા સહિતની ભાજપ શાસિત દેશના અન્ય રાજ્યોની



સરકારમાંથી પણ દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ અને મહાનુભાવોને ખાસ આમંત્રિત કરવામાં આવનાર છે.

## વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને બદનામ કરવા ખોટો અશ્લીલ વીડિયો વાઈરલ કરાયો

ગાંધીનગર,તા.૨૧

બનાસકાંઠાના વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના ખોટા નામે સોશિયલ મીડિયામાં અશ્લીલ વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે. જે અંગે કોંગ્રેસના કાર્યકર્તાઓમાં રોષ વ્યાપ્યો હતો. આ મામલે થરાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં વાવની બેઠક પરથી વિજય મેળવનાર કોંગ્રેસના ગેનીબેન ઠાકોરના નામે એક અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ કરાયો છે. વાવના ધારાસભ્યને બદનામ કરતા આ વીડિયો નીતે અશ્લીલ લખાણ પણ લખવામાં આવ્યું છે. જોકે, વીડિયોમાં દેખાઈ રહેલી મહિલા ગેનીબેન નહિ, પણ અન્ય મહિલા છે. અન્ય મહિલાનો અભદ્ર વીડિયો ફરતો કરવામાં આવ્યો છે. જેને કારણે વાવના કોંગ્રેસના કાર્યકર્તાઓમાં ભારે રોષ ફેલાયો છે. તેથી થરાદ પોલીસ સ્ટેશનમાં ઠાકોર પ્રધાનજી ડાહ્યાજીએ ફરિયાદ નોંધાવી છે. જે અંગે પોલીસે આઈટી એક્ટની કલમ ૬૭ મુજબ ગુનો દાખલ કર્યો છે. ૨૯૨ કલમ તેમજ આઈપી એક્ટની ૯૭ કલમ મુજબ અજાણ્યા વ્યક્તિ સામે સોશિયલ મીડિયામાં મેસેજ ફરતો કર્યાની ફરિયાદ દાખલ કરી છે.

તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવ્યા. જેમાં ભાજપના દિગ્ગજ નેતા શંકર ચૌધરીની સામે કોંગ્રેસના નેતા ગેનીબેન ઠાકોર વિજયી બન્યા હતા.

## ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીને મોંઘી પડી રાજપુતો સાથે દુશ્મની

ગાંધીનગર,તા.૨૧

ભાજપના પ્રદેશ પ્રમુખની તુમાખી અને રાજપુતો સાથે કરેલી દાદાગીરીની કિમંત ભાજપને ચુકવવી પડી અને ભાજપને વિધાનસભાની ચૂંટણીમાં નવ બેઠકો ગુમાવવી પડી અને બે બેઠકો માંડ માંડ જીત્યા છે. બુઘેલ ગામના પુર્વ સરપંચ દાનસંગ મોરી ઉપર કરવામાં આવેલા ખોટા કેસ બાદ રાજપુત સમાજ એકત્ર થયો હતો, અને એક લાખ રાજપુતોએ એકત્ર થઈ જીતુ વાઘાણીની શાન ઠેકાણે લાવવાના સોંગદ લીધા હતા. આ ઘટના બાદ રાજપુતોનું આંદોલન રાજ્યવ્યાપી બન્યુ હતું. જો કે ઘટનામાં નાટકીય વળાંક ત્યારે આવ્યો જ્યારે રાજપુત સમાજ જેમના માટે લડી રહ્ય હતો તેવા દાનસંગ મોરી અને રાજપુત આગેવાન કાનભા રજોડાએ પાછલા બારણે જીતુ વાઘાણી અને અમિત શાહ સાથે સમાધાન કરી લીધુ હતું.

જો કે અમિત શાહ અને વાઘાણી સાથે પોતાના નેતાઓને મંચ ઉપર જોતા રાજપુત યુવાનો નારાજ અને દુખી થયા હતા. આ સમાધાન પછી ભાજપે માની લીધુ કે તેમણે રાજપુતોને મનાવી લીધા છે. પણ નારાજ રાજપુત યુવાનોએ ચૂંટણીમાં ભાજપને પરચો આપી દીધો જેના કારણે અખીલ ગુજરાત કારડીયા સમાજના પ્રમુખ જશા બારડ ખુદ ચૂંટણી હારી ગયા હતા. રાજપુતોની બહુમતી છે તેવી બેઠકો પૈકી ભાજપ કોડીનાર, સોમનાથ, તલાલા, ધ્રાગધ્રા, લીમડી, ધંધુકા, તળાજા, ગઢડા અને વિરમગામ બેઠકે ભાજપે ગુમાવી દીધી હતી.

## કેનાલના સમારકામના પગલે ૧૦ દિવસ સુધી પાણીની આવક બંધ રહેશે

ગાંધીનગર,તા.૨૧

બનાસકાંઠામાં નર્મદા કેનાલનું રિપેરીંગ તથા સુરત-નવસારી વિસ્તારમાં ઉકાઈ ડેમનું સમારકામ ચાલનાર હોવાથી બંને કેનાલો થોડા સમય માટે બંધ રાખવામાં આવી છે. આ કેનાલ કઈ તારીખોમાં બંધ રહેશે તેની જાહેરાત કરાઈ છે.

બનાસકાંઠામાં નર્મદા કેનાલ રીપેરીંગ કામ માટે ૧૦ દિવસ સુધી પાણીની આવક બંધ રહેશે. ૨૫ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી સુધી નર્મદાની મુખ્ય કેનાલમાં પાણી બંધ રહેશે. જેને કારણે બનાસકાંઠા અને પાટણ સહિતના વિસ્તારો પ્રભાવિત થશે. નર્મદા કેનાલનું પાણી બંધ રહેતા ખેડૂતોના પાકને નુકશાનની ભીતિ સતાવી રહી છે. પાણીની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન થાય અને જો તેમના ઉભા પાકને નુકશાન થાય તો રોષે ભરાયેલા ખેડૂતો ઉગ્ર બને તેવી શક્યતાઓ છે.

બનાસકાંઠા જિલ્લાની વાત કરીએ તો થરાદ અને વાવ પંથક સમગ્ર રીતે કેનાલ પર જીવે છે. પૂર બાદ જે કેનાલને નુકશાન થયું હતું તેનું સમારકામ થવાનું છે. જેથી મુખ્ય કેનાલમાં પાણી બંધ રહેવાથી માઈનોર કેનાલમાં પણ પાણી બંધ રહેશે. જેની અસર લોકો પર પડશે. કેમ કે, પીવાના પાણીથી લઈને ખેતી સુધી બધુ જ જનજીવન કેનાલ પર નિર્ભર કરે છે. તેથી મુખ્ય કેનાલનુ પાણી બંધ રહે તો સમગ્ર પંથક પર અસર પડી શકે છે. જનજીવન અસ્તવ્યસ્ત થઈ શકે છે. ખાસ કરીને ખેતી પર સીધી અસર પડી શકેછે. કારણ કે, આ બંને પંથકમા હાલ ખેડૂતો શિયાળુ પાકની તૈયારી કરી રહ્યાં છે. તેથી જોવુ એ રહ્યું કે, સરકારી તંત્ર દ્વારા લોકોને પીવા અને ખેતીના કામ માટે કેવી રીતે પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવશે.

તો બીજી તરફ, સુરત, ભરૂચ, નવસારીના ખેડૂતોના માથે પણ મોટું સંકટ આવશે. ૧૮ ડિસેમ્બરથી ૧૨ ફેબ્રુઆરી સુધી ઉકાઈની નહેરો બંધ રહેશે. નહેરોના સમારકામ શરૂ થવાના કારણે નહેરોમાં પાણી નહિ હોય. જેથી ઉકાઈ ડાબા અને જમણા કાંઠાની નહેરો સૂકીભઠ્ઠ થઈ જશે. આ કારણે શાકભાજી અને ડાંગર પકવતા ખેડૂતોને નુકસાનની ભીતિ રહેલી છે. તેમજ દક્ષિણ ગુજરાતના શેરડીના ઉત્પાદનને મોટો ફટકો પડશે.

## સલમાન ખાનનો વિરોધ કરી માલપુર ગામના વાલ્મિકી સમાજે મામલતદારને આવેદનપત્ર આપ્યુ

### ઈટીસી ચેનલના ઈન્ટરવ્યુમાં સલમાન ખાને વાલ્મિકી સમાજને ઠેસ પહોંચાડે તેવા શબ્દ પ્રયોગ કરતા વાલ્મિકી સમાજમાં ઉગ્ર રોષ

અરવલ્લી, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના માલપુર ગામે થોડા સમય અગાઉ તેના નવીન પિક્ચર ટાઈગર જિંદા હૈ ના



પ્રમોશન માટે ઝી-ઈટીસી ચેનલના ટોક શો માં ડાન્સ અંગે એન્કરે પૂછેલા પ્રશ્નમાં સલમાન ખાને વાલ્મિકી સમાજની ઠેકડી ઉડાડતો હોય તેવા શબ્દ પ્રયોગનો ઉપયોગ કરતા વાલ્મિકી સમાજમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને વાલ્મિકી સમાજે ગુરુવારે મામલતદારને આવેદનપત્ર આપી સલમાન ખાન સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધવાની માંગ કરી વિરોધ કરતા સૂત્રોચ્ચાર કરી પ્રદર્શન કર્યું હતું.

માલપુર તાલુકાના વાલ્મિકી સમાજે માલપુરના મામલતદારને આવેદનપત્ર આપી અભિનેતા સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધવા ઉગ્ર માંગ કરી હતી. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર પિક્ચરમાં સલમાનખાનને ડાન્સ શીખવતા કોરિયોગ્રાફર દ્વારા અમુક સ્ટેપ શીખવાડવા અંગે કહેવામાં આવતા સલમાન ખાને આ ડાન્સ અંગે જણાવ્યું હતું કે આ ડાન્સ સ્ટેપ વખતે ભંગી જેવો લાગે છે તેમ જણાવી વાલ્મિકી સમાજની લાગણીને ઠેસ પહોંચાડવાની સાથે જણાવ્યું હતું કે વાલ્મિકી સમાજ નીચી અને ગરીબ કાસ્ટ હોવાથી અમારું અપમાન કરવામાં આવતા અમારે આ દેશમાં રહેવાનો કોઈ પ્રશ્ન છે કે નહિ ? તદઉપરાંત આવા મોટા અદના કલાકાર દ્વારા વાલ્મિકી સમાજની મજાક ઉડાડવામાં આવતી હોય તો કાલે અન્ય કોઈ માણસ પણ અમારી સમાજની ખોટી મજાક ઉડાવી શકે છે. જેથી સલમાન ખાન ઉપર એટ્રોસિટી એક્ટ હેઠળ કલમ દાખલ કરી તેની સામે કાયદેસરના પગલાં ભરવાની માંગ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભંગી શબ્દ રદ કરેલ હોવા છતાં આવા સમાજને અપશબ્દ બોલવામાં આવતા સલમાન ખાનનો હુરિયો બોલાવી તેના પોસ્ટર સળગાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## પ્રાંતિજ તથા પોગલુ ખાતે શાળા આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો

### પોગલુ પ્રાથમિક શાળા તથા પ્રાંતિજ પ્રાથમિક શાળા નં-૩ના બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવી

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ-તથા પોગલુ ખાતે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો જેમાં પોગલુ પ્રાથમિક શાળા તથા પ્રાંતિજ શાળા નંબર- ૩ માં અભ્યાસ કરતા ૧ થી ૮ ધોરણના બાળકોની આરોગ્યલક્ષી ચકાસણી કરવામાં આવી હતી. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ ટીમ દ્વારા દર વર્ષની જેમાં આ વર્ષે પણ ૦ થી ૧૮ વર્ષ ના શાળાએ જતાં શાળાએ ના જતાં તમામ બાળકોની આરોગ્ય ચકાસણી હાથ ધરવા આવી હતી. જેમાં પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. સોલંકીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર તથા આરોગ્ય ટીમ દ્વારા પોંગલુ પ્રાથમિક શાળા તથા પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાળા નંબર- ૩માં અભ્યાસ કરતાં બાળકોની આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી હતી. જેમાં આંખ, કાન, પેટ, ચેતનાલક્ષી ખામી, વજન, ઉંચાઈ, ખોડખાંપણ જેવી શારીરીક તપાસ ઉપસ્થિત ડૉક્ટરો દ્વારા તથા ઉપસ્થિત આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવી હતી. તો ચકાસણી કરી તેવોને જરૂરીયાત મુજબ દવાઓ પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે પોંગલુ મહંત સુનીલદાસજી મહારાજ નગરપાલિકા આરોગ્ય સમીતિના ચેરમેન નયનભાઈ દેસાઈ, નગરપાલિકા કોર્પોરેટર



મહેબુબભાઈ બલોચ તથા શાળાનાં આચાર્ય પ્રવિણભાઈ પટેલ, શાળાનો સ્ટાફ સહિત વાલીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શામળાજી પોલીસે ભવાનપુર ગામ નજીકથી ઈકો કારમાંથી ૪૮ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૧

શામળાજી પોલીસે બુધવારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા ભવાનપુર નજીકથી ઈકો કારમાંથી ૪૮ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. અપેક્ષા મુજબ ઈકો કારનો ચાલક ભાગી છૂટવામાં સફળ રહેતા શામળાજી પોલીસે કાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.





અમદવાદ-ઉદેપુર નેશનલ હાઈવે.નં-૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ અને ભિલોડા તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોના માર્ગો પરથી ગુજરાતમાં મોટાપાયે વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરો સતત સક્રિય હોય છે. શામળાજી પોલીસે બુધવારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા પોલીસ ચેકીંગ જોઈ મારુતિ ઈકો કારનો ચાલક ભવાનપુર ગામ નજીક રોડ પાસે બિનવારસી હાલતમાં મૂકી જતો રહેતા પોલીસ ઈકો કારમાં તપાસ હાથ ધરતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટનો ભારતીય બનાવટની પાર્ટીસ્પેશિયલ ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ-૮ કુલ બોટલ-૯૬ જેની કિંમત રૂપિયા-૪૮૦૦૦ તથા કારની કિંમત રૂ. ૨૦૦૦૦૦ મળી કુલ રૂ. ૨૪૮૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર કાર ચાલક વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## તલોદ તાલુકાને ૨૦ વર્ષના વનવાસ બાદ વિધાનસભામાં પ્રતિનિધિત્વ મળ્યુ

૩૩-પ્રાંતિજ વિધાનસભા બેઠક ઉપર તલોદ તાલુકાના ઉત્સાહિ યુવાન એવા ગજેન્દ્રસિંહ પરમારની જંગી મતોથી ભાજપના ઉમેદવાર તરીકે વિજયી થયો છે. વીસ વર્ષથી રાજકિય પ્રતિનિધિત્વ માટે વનવાસ ભોગવતા તલોદ તાલુકાને પ્રાધાન્ય મળતા આનંદની લાગણી પ્રસરી છે. શિક્ષિત અને યુવાનેતા તરીકેની છાપ ધરાવતા ગજેન્દ્રસિંહ પરમારને ગુજરાત સરકારના મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવે તેવી અટકળો તેજ બની છે. ગજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું કે મને જંગી મતોથી વિજયી બનાવવા બદલ તાલુકાના પ્રજાજનોનો આભાર વ્યક્ત કરી ઉમેર્યુ હતુ કે છેલ્લા બે દાયકાથી વિકાસથી વંચિત રહેલા તાલુકાના સર્વાંગી વિકાસ માટે તત્પર રહી રોડ, રસ્તા સહિત યુવાનોની રોજગારી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની તકો ઉભી થાય, બંધ પડેલો તલોદનો એસટી ડેપો, ટેઝરી ઓફીસ પણ તલોદમાં સત્વરે કાર્યરત થાય તેવું સૌપ્રથમ પ્રાધાન્ય હોવાનું જણાવ્યું હતું.

## ખેડૂતોની નારાજગી... ● છેલ્લા પાનાનું ચાલુ

ગીરસોમનાથમાં ચાર, મોરબીમાં ત્રણ અને સુરેન્દ્રનગરમાં ચાર સીટો મળી છે જે દર્શાવે છે કે, ખેડૂત સમુદાય કોંગ્રેસ તરફથી સંતુષ્ટ છે. ભાજપ તરફથી નારાજ દેખાઈ રહ્યા છે. ભાજપને અમરેલી, જુનાગઢ, મોરબી અને ગીરસોમનાથના ચાર જિલ્લામાં ૧૭ પૈકી માત્ર એક સીટ મળી છે. છેલ્લા ત્રણ વર્ષથી મગફળી અને કપાસના ખેડૂતો એમએસપીને લઈને નાખુશ થયેલા છે. તેમની ચિંતા સતત વધી રહી છે. એમએસપીને લઈને સરકાર સમક્ષ વારંવાર રજૂઆત પણ કરવામાં આવી હતી. આ વર્ષે ગુજરાતતમાં ૩૧.૪૫ લાખ ટન મગફળીનું ઉત્પાદન થયું છે. ખેડૂતોની ચિંતા કપાસને લઈને પણ રહી છે. ખેડૂત સમુદાય તરફથી ચૂંટણીમાં જોરદારરીતે નારાજગી રજૂ કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ રાજ્ય સરકાર અને અન્ય આંકડાઓ પરથી જાણવા મળે છે કે, ગુજરાતમાં ૨૦૦૩-૨૦૧૨ વચ્ચેના ગાળામાં ૭૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી જ્યારે ૨૦૧૩-૨૦૧૫ વચ્ચેના ગાળામાં ૮૯ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. આ વર્ષે ૧૨ ખેડૂતો જીવન ટુંકાવી ચુક્યા છે. અહેવાલમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી ચુકી છે. ખેડૂત સમુદાયને ફરીથી સંતુષ્ટ કરવા માટે ભાજપને ભારે મહેનત કરવી પડી શકે છે. આવનાર સમયમાં તેના માટે આ ચૂંટણી મુશ્કેલી સર્જી શકે છે.

## હા સાહેબ... ● છેલ્લા પાનાનું ચાલુ

વચ્ચે વેરઝેરનું વાવેતર કર્યું છે..! હવે શું થશે ખબર નથી..!''

''પણ..! આટલા બધા ટેન્શનમાં ના આવો..! કાળના ચક્રમાં બધું ગોઠવાયેલુ જ છે..! દિવસ પછી રાત... દુઃખ પછી સુખ... અને તડકા પછી છાંયડો..!!''

''અ હં..! હવે બધું સરસ થઈ જશે..! સરસ વિચારીએ... સરસ બોલીએ... એટલે બધું સરસ સરસ જ થાય..!! એટલે હવે તો ચર્ચામાં પણ સારી જ વાતો કરવી હોં..! નવા વર્ષને આવકારવા નવું વિચારીએ... નવી આશાઓ જન્માવીએ... નવા સંકલ્પો નવા માહોલનું નિર્માણ કરશે..! શુભસ્ય શીઘ્રમ..!!''

-નિમિત્ત માત્ર


## ટૂંકી જાહેર નિવિદા

### કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ઘ-૭ સર્કલની નજીક, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે તાંત્રિક તથા વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવાઓ સહિતની 'કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવાઓ' માટે ૦૫ સફાઈ કામદાર (શ્રમયોગી) પૂરા પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સી પાસેથી ઠરાવેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૭.૦૦ કલાક દરમિયાન તા. ૮-૧-૨૦૧૮ સુધીમાં અરજી સાથે રૂ. ૫૦૦ (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

શ્રેયાન વ્યવસ્થાપક

માહિતી/૨૨૫૬/૧૭-૧૮ સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

## જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી માટે એક્રેડિટેડ પત્રકારોના એક્રેડિટેશન કાર્ડ તૈયાર કરવાના થાય છે. આ માટે કચેરી તરફથી આપવામાં આવનાર કાર્ડધારકોની વિગતોની ટેડા એન્ટ્રી, ફોટો સ્કેનીંગ, સિન્થેટીક પેપર પર ફોર કલરમાં પ્રિન્ટીંગ તેમજ ૨૫૦ માઈક્રોન હેવી લેમિનેશન અને કાર્ડ હોલ્ડર તથા મીડિયાના લખાણ સાથેની દોરી (પટ્ટી) સાથેના પ્રવર્તમાન નમૂના મુજબના બે પ્રકારની ડિઝાઈન પ્રમાણે એક્રેડિટેશન કાર્ડ સમયમર્યાદામાં તૈયાર કરવાના રહે છે. ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે તા. ૧-૧-૨૦૧૮ થી તા. ૩૧-૧૨-૨૦૧૮ દરમિયાનની મુદત માટે તથા જરૂરિયાત જણાયે પરસ્પર સંમતિથી વધુ એક વર્ષ લંબાવી શકાય તે પ્રમાણેની મુદત માટે જરૂરિયાત મુજબ કાર્ડ તૈયાર કરવા રસ ધરાવતી પેઢીઓ / સંસ્થાઓ પાસેથી બંધ કવરમાં ઈ.એમ.ડી. ફી રૂ. ૬૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર) સાથેના ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ફીઝીકલ ટેન્ડર રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) રોકડા આપવાથી / ચૂકવવાથી તા. ૨૨-૧૨-૨૦૧૭થી તા. ૧૨-૦૧-૨૦૧૮ સુધીમાં સવારે ૧૧-૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક દરમિયાન માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ૧લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં મળશે. અન્ય વિગતો ટેન્ડરમાંથી મળશે. બંધ કવરમાં ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૧૨-૦૧-૨૦૧૮ના રોજ સાંજના ૫.૦૦ કલાક સુધી રજીસ્ટ્રી શાખામાં પરત કરી શકાશે.

માહિતી/૨૨૬૩/૧૭૧-૮ માહિતી નિયામક